ગુજરાત પોલીસ સેવા, વર્ગ–૧ ના અધિકારીઓને
" એક્સ–કેડર નિમણુંક"
પસંદગીના સિધ્ધાંતોમાં ફેરફાર કરવા બાબત...

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃડીવાયએસ–૧૦૨૦૦૬–૨૯૯૬–બ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 24 APR 2007

## –:ઠરાવ:–

સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૯/૧૦/૨૦૦૫ ના જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૨૦૦૫/ ૩૫/સીઆરઆર/૧૦૨૦૦૫/૧૦૦૮/ગ.૨ થી ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમોઃ ૧૯૬૭ ના નિયમઃ ૧૧ ના કલોઝ–(૩) પછી નવું કલોઝ–(૪)(એ) તથા ૪(બી) ઉમેરી વર્ગ–૧ ની નીચલી કક્ષાની જગ્યા પરથી તુરત ઉપરની વર્ગ–૧ ની જગ્યામાં બઢતી મેળવવા માટે યોગ્ય ઠરવા માટે ઓછામાં ઓછી " ઘણી સારી" (Very Good) ગુણકક્ષાનું ધોરણ નિયત કરવામાં આવેલ છે તથા આવી જગ્યાઓ ઉપર બઢતી માટેની વિચારણા માટે સરકાર સમયાંતરે નકકી કરે તેવું વિચારણાનું ક્ષેત્ર (Zone of Consideration ) રહેશે, તે મુજબની સૂચનાઓ આપવામાં આવેલ છે. સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૯/૧૦/૦૫ ના પરિપત્ર ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૦૫/૧૦૦૮/ગ.૨થી વર્ગ–૧ ની પ્રથમ તબકકાની જગ્યા પરથી વર્ગ–૧ ની બીજા તબકકાની જગ્યા પરની બઢતી આપવા માટેના માપદંડો નિયત કરવામાં આવેલ છે.

૨. સામાન્ય વહીવટ વિભાગના ઉપર ઉલ્લેખ કરેલ તા. ૨૯/૧૦/૨૦૦૫ ના જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૨૦૦૫/૩૫/સીઆરઆર/૧૦૨૦૦૫/૧૦૦૮/ગ.૨ થી અધિસૂચિત કરવામાં આવેલ જોગવાઈઓ / સૂચનાઓ તથા સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૯/૧૦/૦૫ ના પરિપત્ર ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૦૫/૧૦૦૮/ગ.૨ અન્વયે વર્ગ–૧ ની પ્રથમ તબકકાની જગ્યા પરથી વર્ગ–૧ ની બીજા તબકકાની જગ્યા પરની બઢતી માટે નિયત કરવામાં આવેલ માપદંડો, ગુજરાત પોલીસ સેવા વર્ગ–૧ ના નાયબ પોલીસ અધીક્ષક સંવર્ગના (પગાર ધોરણ રૂા.૮૦૦૦– ૨૭૫ –૧૩૫૦૦) અધિકારીઓને પોલીસ અધીક્ષક, વર્ગ–૧ સંવર્ગની નોન કેડર ( પગાર ધોરણ રૂા. ૧૦૦૦૦–૩૨૫–૧૫૨૦૦) જગ્યાઓ ઉપર નિમણૂક આપવા માટેની પસંદગી યાદી બનાવતી વખતે પણ લાગુ પાડવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિખિલ ભટ્ટ)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.રાજયપાલશ્રીના ગૃહ નિયામકશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી / સચિવશ્રી / અંગત સચિવશ્રી, ગાંધીનગર.
માન.રા.ક.મંત્રીશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રી / અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી (ગૃહ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી (ગૃહ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી ( કા. અને વ્ય.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ / અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ
મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
સર્વે અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ
સર્વે રેન્જ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ / નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ
સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ
સર્વે પોલીસ અધીક્ષકશ્રીઓ
સેકશન અધિકારી સિલેકટ ફાઈલ. / નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ
શાખા સિલેકટ ફાઈલ.